કેસ દાખલ તારીખ	તા. ૨૯ /૦૭/૨૦૨૫.
કેસ રજીસ્ટર્ડ તારીખ	તા. ૨૯ /૦૭/૨૦૨૫.
કેસ ફેસલ તારીખ	તા. ૩૦/૦૬ /૨૦૨૬
સમયગાળો	વર્ષ, ૧૧માસ, ૦૨ દિવસ.

::નમૂના–અ:: **આંક–૩૦**

મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ),વાલીયા,તા.વાલીયા.જી.ભરૂચના ન્યાયાલયમાં શ્રી એ.એમ.સોની –મુખ્ય ફોજદારી ન્યાયાધીશ(પ્ર.વર્ગ).

ચુકાદાની તારીખ	તા.૩૦ /૦૬ /૨૦૨૬
ફો.કે.સંખ્યા	સી.સી.નં.૬૬૮/૨૦૨૫

ગુનાની વિગત	
ગુનાની કલમ	ગુજ.પ્રોહીબીશન ધારા ની કલમ–૬૫(એ)(એ),૮૧ મુજબ
પ્ર.માહિતી અહેવાલ સંખ્યા	વાલીયા પો.સ્ટે એફ.આઈ.આર.નં.૧૧૧૯૯૦૫૦૨૫૦૦૬૪ /૨૫,તા.૨૧/૦૧/૨૦૨૫
પોલીસ સ્ટેશન	વાલીયા પો.સ્ટે.તા.વાલીયા,જી.ભરૂચ
ફરિયાદપક્ષ	સરકારશ્રી /ફરિયાદીનું નામ:અ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈ,બ.નં .૪૦૫ વાલીયા પો.સ્ટે. વાલીયા, જી.ભરૂચ.
રજૂઆત	વિ.મદદનીશ સરકારી વકીલશ્રી જી.બી.મકવાણા
આરોપી પક્ષ	(૧) મુકેશભાઈ રાજુભાઈ વસાવા. રહે.ડહેલી નગર શેઠ ફળીયુ,તા.વાલીયા,જી.ભરૂચ.
રજૂઆત	આરોપી તર્ફે વિ.વ.શ્રી– કે.બી.વસાવા.

::નમૂના–બ::

ગુનાની તારીખ	તા.૨૧/૦૧/૨૦૨૫
પ્ર.માહિતી અહેવાલની તારીખ	તા.૨૧/૦૧/૨૦૨૫
આખરી અહેવાલની તારીખ	તા.૩૦/૦૫/૨૦૨૫
તહોમતનામાની તારીખ	તા.૨૨/૦૮/૨૦૨૫
પુરાવો શરૂ થયાની તારીખ	તા.૨૯/૦૭/૨૦૨૫
ચુકાદા માટે રાખવાની તારીખ	તા.૩૦ /૦૬ /૨૦૨૬
ચુકાદાની તારીખ	તા. ૩૦/૦૬/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	લાગુ પડતુ નથી.

Judgement

::આરોપી ની વિગત::

આરોપી નું અનુ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિત તારીખ	તહોમત	શું નિર્દોષ છોડયુ/ સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ
(૧)	મુકેશભાઈ રાજુભાઈ વસાવા.	તા.૨૧/૦૧/૨૫	તા.૨૨/૦૧/૨૫	ગુજરાત પ્રોહી. કલમ ૬૫ એ.એ,૮૧ મુજબ	નિર્દોષ છોડયું	નથી.	નથી

::નમૂનો ક::

ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરિયાદપક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવાનો પ્રકાર
ફ.સ.૧	ચંપકભાઈ મસુરભાઈ વસાવાની જુબાની	પંચ સાહેદ
ફ.સ.૨	દશરથભાઈ અનોપભાઈ વસાવાની જુબાની	પંચ સાહેદ
ફ.સ.૩	ગુલાબભાઈ મગનભાઈ વસાવાની જુબાની	ફરીયાદી
ફ.સ.૪	મયંકકુમાર દિનેશચંન્દ્ર સેલરની જુબાની	સાહેદ
ફ.સ.૫	મનોજભાઈ નવીનભાઈ વસાવાની જુબાની	ત.ક.અમલદાર

બ.બચાવ પક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવાનો પ્રકાર
બ.સ.૧	–	–
બ.સ.૨	–	–

ક.ન્યાયાલય આંક

અનુ ક્ર.	નામ	પુરાવાનો પ્રકાર
ન્યા.સ.૧	–	–
ન્યા.સ.૨	–	–

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંક– ની યાદી

અ.ફરિયાદ

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક ૬–૧/ફ.સ.૧ આંક–૧૦	ગુનાવાળી જગ્યાનું પંચનામું
૨.	આંક ૬–૩/ફ.સ.૩ આંક–૨૪	ફરીયાદ

બ.બચાવ

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક ૬–૧/ફ.સ.૧ –	–
૨.	આંક ૬–૨/ફ.સ.૨ –	–

ક.ન્યાયાલય આંક

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક ૬–૧/ફ.સ.૧ –	
૨.	આંક ૬–૨/ફ.સ.૨ –	

ડ.ભૌતિક પદાર્થ:

અનુ ક્ર.	ભૌતિક પદાર્થ સંખ્યા	વર્ણન
૧.	ભૌ.પ.૧ –	અ
૨.	ભૌ.પ.૨ –	અ

// ચૂ કા દો //

૧) સદરકેસ વાલીયા પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.નં.૧૧૧૯૯૦૫૦૨૫૦૦૬૪/૨૫, તા.૨૧/૦૧/૨૦૨૫, પોલીસ સ્ટેશન વાલીયા, પોલીસ ઈસ્પેકટર વાલીયા, જી.ભરૂચ ના ગુજરાત પ્રોહીબીશન ધારા ની કલમ–૬૫(એ)(એ),૮૧ મુજબ મોકલવામાં આવેલ છે.

૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપી મુકેશભાઈ રાજુભાઈ વસાવા, રહે. ડહેલી નગર ફળીયું,તા.વાલીયા,જી.ભરૂચનાઓએ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૩૦ થી ૨૦:૧૫ કલાકે ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે વેચાણ

કરવાના ઈરાદે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ''રોયલ સ્પેશીયલ પ્રિમીયમ વ્હીસ્કી'' ૧૮૦ મી.લી. બોટલ નંગ-૨૮ (દા.લી.૫૦૪ લીટર) ની કિંમત રૂપિયા ૨૮૦૦/- નો નહી પકડાયેલ હર્ષદ , રહે. વાડી, તા.ઉમરપાડા,જી.સુરત નાઓ પાસેથી મંગાવી પોલીસ પંચોની રેઈડ દરમ્યાન પકડાઈ જઈ,ગુનો કર્યો તે વિગેરેની ફરીયાદ આવતા પોલીસ અધિકારી એ કેસ નોંધી અને તપાસ માટે તપાસ અધિકારીને કેસ આપવામાં આવતા તપાસ કરનાર અધિકારીએ પંચનામાંઓ ભારતીય કાર્યરીતી સંહિતા ની કલમ-૧૬૧ મુજબ સાહેદોના નિવેદનો અને મુદ્દામાલ કબજે કરેલ અને ગુજરાત પ્રોહીબીશન કલમ-૬૫(એ)(એ),૮૧ મુજબનાં ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલુ છે.

૦૩) આ કામના આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન મુજબ ગુનો કલમ-૬૫ (એ)(એ),૮૧ મુજબનાં ગુનાનુ ચાર્જશીટ કરેલ છે. ત્યારબાદ સદર કામના આરોપીને સમન્સ બજતા આરોપી ના.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસનાં કાગળોની નકલો સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કરેલ અને સદર ગુના અંગેનુ **તહોમતનામું આંક-૦૫ થી** ફરમાવી આરોપીની **પ્લી યાને સ્ટેટમેન્ટ આંક-૦૬થી** લેવામાં આવેલ છે. અને જેમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

૦૪) ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાના કારણે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોધવામાં મુકેલ પરંતુ આરોપી દવારા આંક-૨૮ થી પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ વિશેષ નીવેદન આપવા માંગતા ન હોય આરોપીનો વિશેષ નીવેદન નોધવામા આવેલ નથી.

૦૫) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી. ની મૌખીક દલીલો સાંભળવામા આવેલ છે અને બાદમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી ની મૌખીક દલીલો સાંભળવામાં આવેલછે.

૦૬) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧)	શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે,આ કામના આરોપી મુકેશભાઈ રાજુભાઈ વસાવા, રહે. ડહેલી નગર ફળીયું,તા.વાલીયા,જી.ભરૂચનાઓએ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૯:૩૦ થી ૨૦:૧૫ કલાકે ગેરકાયદેસરનો વગર પાસ પરમીટે વેચાણ કરવાના ઈરાદે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ''રોયલ સ્પેશીયલ પ્રિમીયમ વ્હીસ્કી'' ૧૮૦ મી.લી. બોટલ નંગ-૨૮ (દા.લી.૫૦૪ લીટર) ની કિંમત રૂપિયા ૨૮૦૦/- નો નહી પકડાયેલ હર્ષદ , રહે. વાડી,તા.ઉમરપાડા,જી.સુરત નાઓ પાસેથી મંગાવી પોલીસ પંચોની રેઈડ દરમ્યાન પકડાઈ જઈ,પ્રોહીબીશનના કાયદાની કલમ-૬૫(એ)(એ),૮૧ મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?
મુદ્દા નં.૨)	છેવટે શું હુકમ ?

૦૭) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

-:: <u>નિર્ણય માટેના કારણો</u> ::-

૦૮) **<u>મુદ્દા નં.૧ અને ૨.</u>**

આ કામે બંને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

૦૯) ફરિયાદપક્ષ તરફે **આંક–૨૩ થી ફરીયાદી ગુલાબભાઈ મગનભાઈ વસાવાનાઓ**ને સોગંદ ઉપર તપાસવા મા આવેલા છે તેઓ તેમની જુબાની જણાવે છે કે, ગઈ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા અ.હે.કો. એમ.ડી.સેલર તથા પોલીસ સ્ટાફના માણસો તથા પંચોના માણસો વાલીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન અમોને બાતમી મળેલ કે, ડહેલી ગામે રહેતો મુકેશભાઈ રાજુભાઈ વસાવા નાનો તેના રહેણાંક મકાનની બાજુમા ખુલ્લી જગ્યામા ઈંગ્લીશ દારુનુ છુટક વેચાણ કરે છે.જે બાતમી આધારે બે પંચોના માણસો સાથે રાખી બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં એક ઈસમ હાજર હોય જેનુ પંચો રૂબરુ નામઠામ પુછતા મુકેશભાઈ રાજુભાઈ વસાવા જણાવેલ તપાસ કરતાં નાની બોટલ નંગ –૨૮ કિ.રૂા. ૨૮૦૦/– મુદામાલ પંચો રૂબરુ કબ્જે કરેલ વિગતવારનુ પંચનામુ સાથેના અ.હે.કો. એમ.ડી.સેલર નાઓએ કરેલ અને આ કામની ફરીયાદ અમોએ આપેલી.જે અસલ ફરીયાદમા નીચે મારી સહી છે જે હુ ઓળખુ છુ.જે અસલ ફરીયાદ આંક–૨૪ થી રજુ છે.આરોપીને જોયેથી હુ ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે એ વાત ખરી છે કે, ડહેલી વસ્તીવાળુ ગામ છે.એવાત ખરી છેકે, રેડ દરમ્યાન પોલીસ સાહેદો સિવાય ડહેલી ગામના કોઈ સ્વતંત્ર સાહેદો હતા નહી. એ વાતખરીછેકે,અમે રેડમાં જતા પહેલા આ કેસમાં કોઈ અરસ–પરસ ઝડતી તપાસનુ પ્રાથમિક પંચનામુ કરેલુ હોય તેવુ બનેલુ નહી. એ વાત ખરી છે કે, મુદ્દામાલની દરેક બોટલો ઉપર પંચોની સહી વાળી કાપલી લગાડી તેવુ તમારી રૂબરૂમાં બનેલુ નથી.એવાત ખરી છેકે,

ત.ક.અમલદારે મારી રૂબરુ મુદામાલ જે જગ્યાએ મળી આવેલ તેની માલીકી અંગેનો પુરાવો મેળવેલ નથી.

૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૦૯ થી પંચ સાહેદ ચંપકભાઈ મસુરભાઈ વસાવા તથા આંક–૧૧ થી પંચ સાહેદ દશરથભાઈ અનોપભાઈ વસાવાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમા આંક–૧૦ થી રજુ પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સીવાય બીજુ કશું જાણતા નથી. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ.એ.પી.પી. શ્રી નાઓ દ્રારા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરવા ની પરવાનગી આપતા ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

બચાવપક્ષ ધ્વારા ઉલટ તપાસમાં કબુલેલ છે કે,તૈયાર પંચનામામાં સહી કરેલી.પંચનામા બાબતે તેઓને કાંઈ ખબર નહી હોવાનુ જણાવેલ છે.

૧૧) ફરિયાદપક્ષ તરફે આંક–૨૫ થી સાહેદ મયંકકુમાર દિનેશચંન્દ્ર સેલરનાઓને સોગંદ ઉપર તપાસતા તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઈ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈ તથા પોલીસ સ્ટાફના માણસો તથા પંચોના માણસો વાલીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈનાઓને બાતમી મળેલ કે, ડહેલી ગામે રહેતો મુકેશભાઈ રાજુભાઈ વસાવા નાનો તેના રહેણાંક મકાનની બાજુમા ખુલ્લી જગ્યામા ઈંગ્લીશ દારુનુ છુટક વેચાણ કરે છે.જે બાતમી આધારે બે પંચોના માણસો સાથે રાખી બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં એક ઈસમ હાજર હોય જેનુ પંચો રૂબરુ નામઠામ પુછતા મુકેશભાઈ રાજુભાઈ વસાવા જણાવેલ તપાસ કરતાં નાની બોટલ નંગ –૨૮ કિ.રૂા. ૨૮૦૦/– મુદામાલ પંચો રૂબરુ કબ્જે કરેલ

વિગતવારનુ પંચનામુ સાથેના અમોએ કરેલ અને આ કામની ફરીયાદ આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈ આપેલી.તપાસના કામે મારુ નિવેદન લીધેલુ. આરોપીને જોયેથી હુ ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે એ વાત ખરી છે કે, ડહેલી વસ્તીવાળુ ગામ છે.એવાત ખરી છેકે, રેડ દરમ્યાન પોલીસ સાહેદો સિવાય ડહેલી ગામના કોઈ સ્વતંત્ર સાહેદો હતા નહી. એ વાત ખરી છે કે,અમે રેડમાં જતા પહેલા આ કેસમાં કોઈ અરસ–પરસ ઝડતી તપાસનુ પ્રાથમિક પંચનામુ કરેલુ હોય તેવુ બનેલુ નહી. એ વાત ખરી છે કે, મુદ્દામાલની દરેક બોટલો ઉપર પંચોની સહી વાળી કાપલી લગાડી તેવુ તમારી રૂબરૂમાં બનેલુ નથી.એવાત ખરી છેકે, ત.ક.અમલદારે મારી રૂબરુ મુદામાલ જે જગ્યાએ મળી આવેલ તેની માલીકી અંગેનો પુરાવો મેળવેલ નથી.

૧૨) ફરિયાદપક્ષ તરફે આંક–૨૫ થી તપાસ કરનાર અમલદાર મનોજભાઈ નવીનભાઈ વસાવાનાઓને સોગંદ ઉપર તપાસતા તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ અ.હે.કો.એમ.ડી.સેલર તથા આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈ તથા પોલીસ સ્ટાફના માણસો તથા પંચોના માણસો વાલીયા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈનાઓને બાતમી મળેલ કે, ડહેલી ગામે રહેતો મુકેશભાઈ રાજુભાઈ વસાવા નાનો તેના રહેણાંક મકાનની બાજુમા ખુલ્લી જગ્યામા ઈંગ્લીશ દારુનુ છુટક વેચાણ કરે છે.જે બાતમી આધારે બે પંચોના માણસો સાથે રાખી બાતમીવાળી જગ્યાએ રેડ કરતાં એક ઈસમ હાજર હોય જેનુ પંચો રૂબરુ નામઠામ પુછતા મુકેશભાઈ રાજુભાઈ વસાવા જણાવેલ તપાસ કરતાં નાની બોટલ નંગ –૨૮ કિ.રૂા.

૨૮૦૦/– મુદામાલ પંચો રૂબરુ કબ્જે કરેલ વિગતવારનુ પંચનામુ અ.હે.કો.એમ.ડી.સેલરનાએ કરેલ અને આ કામની ફરીયાદ આ.હે.કો.ગુલાબભાઈ મગનભાઈ આપેલી.તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી હુ ઓળખી શકુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલી ઉલટ તપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે એ વાત ખરી છે કે, ડહેલી વસ્તીવાળુ ગામ છે. એ વાત ખરી છે કે, મુદ્દામાલની દરેક બોટલો ઉપર પંચોની સહી વાળી કાપલી લગાડી તેવુ બનેલુ નથી.એવાત ખરી છેકે, અમોએ મુદામાલ જે જગ્યાએ મળી આવેલ તેની માલીકી અંગેનો પુરાવો મેળવેલ નથી.

<u>સાહેદોની જુબાની નુ પુરાવાકીય મૂલ્યાંકન:–</u>

૧૩) આ કામે ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટ–૨૦૧૭ થી જુના કાયદામાં કરવામાં આવેલ છે. પ્રકરણ–૭ ગુના અને શિક્ષા **જે કોઈ વ્યકિત, આ અધિનીયમની જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ,વિનિયમ અથવા હુકમનું અથવા તે મુજબ આપેલા કોઈ લાઈસન્સ, પાસ પરમીટ અથવા અધિકારપત્રનું ઉલ્લઘન કરીને.........**

(ક) (અફીણ સિવાયના બીજા) કોઈ કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજાની આયત કરે અથવા નિકાસ કરે,

(ખ) ....

(ગ) ....

(ઘ) ....

(ચ) (અફીણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો (પોતાના કબજામાં રાખે, તેનીહેરફેર કરે,વેચે અથવા ખરીદે) અથવા

(છ) ....

(જ) ....

તેને દોષીત ઠર્યે, આવા દરેક ગુના માટે, દશ વર્ષની મુદત સુધીની કેદ અને પાંચ લાખ રૂપીયા સુધીના દંડની શિક્ષા થશે..

પરતું **કોર્ટના ફેસલામાં જણાવવા જોઈએ તેવા વિરૂધ્ધના ખાસ અને પૂરતા કારણો ન હોય, તો (૧)** પહેલા ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ કરતા ઓછો ન હોવો જોઈએ.,

(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રૂપીયા કરતાં ઓછો ન હોવો જોઈએ .,

(૩) ત્રીજા અથવા ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ પાંચ લાખ રૂપીયા કરતાં ઓછો ન હોવોજોઈએ.

૧૪) સાથે સાથે સદર કાયદાની કલમ–૧૧૬–ખ. દારૂની જાણીતી બ્રાન્ડ માટે પૃથ્થકરણની જરૂર રહેશે નહી.

આ અધિનીયમ હેઠળ દારૂ ગેરકાયદે કબજા રાખવા બદલના કોઈ ગુના માટેની કોઈ ઈન્સાફી કાર્યવાહીમાં એમ સાબીત કરવામાં આવે કે વ્હિસ્કી, બ્રાન્ડી, રમ, જિન, કલબકપ, લીકર, મિલ્ક પંચ જેવા સ્પિરિટની અથવા શેમ્પેઈન,મોસેલે, બગોન્ડી, ચીએન્ટી, વ્હાઈટ વાઈન, કલરેટ, હોકસ, હિએસ્લીંગ,મકોઈર, જિન્જર વાઈન, પોટ– ટાઈપ પોર્ટ–વર્માઉથ, શેરી, વિન્કારનીસ, વાઈબ્રોના, મેનોલા, બકફ્રાસ્ટ, ટોનિકવાઈન જેવા વાઈનની અથાવ એલે, બિયર, મિલ્ક–સ્ટાઉટ (પોર્ટર) સાઈડર જેવા આથો ચઢાવેલા દારૂની જાણીતી કોઈ બ્રાન્ડનું નામ અને તેના બનાવનારનાં નામ દર્શાવતી મૂળ લેબલવાળી કોઈ સીલબંધ બોટલ ગુનેગાર વ્યકિતના કબજામાં હતી, તો ગુનેગાર વ્યકિતના કબજામાં દારૂ હતો એમ માની લેવામાં આવશે.

સૌ પ્રથમ આ કામે **આંક–૧૦** થી રજુ થયેલ પંચનામાના પંચ સાહેદ

આંક–૦૯ તથા આંક–૧૧ થી તપાસવામા આવેલા છે. સદરહુ પંચ સાહેદોએ તેઓની કોર્ટ સમક્ષની જુબાનીમા **આંક–૧૦ થી** રજુ થયેલ પંચનામામાં જણાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરવામા આવેલા છે. જેથી ફરીયાદપક્ષ **આંક–૧૦ થી** રજુ થયેલ પંચનામામાં જણાવેલ હકીકતો ને શંકાથી પરે પુરવાર કરી શકેલ નથી. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામા આવેલ ત.ક.અ. તથા ફરીયાદી તથા પોલીસ સાહેદોના પુરાવા નું મૂલ્યાકન કરવામા આવે તો, તેમણે તેમના પુરાવામા ફરીયાદ અને તપાસ ને સમર્થન કરતો પુરાવો આપેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસમા તેઓ એ વાત નો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાની માલીકીનો પુરાવો ત.ક.અમલદારે મેળવેલ નથી તેમજ મુદામાલની દરેક બોટલો ઉપર પંચો ની સહી વાળી કાપલી લગાડેલી નથી તેમજ જયાંથી મુદ્દામાલ મળી આવ્યો તેની માલીકી અંગેનો પુરાવો ત.ક.અમલદારે અમારી રૂબરૂમાં કબજે કરેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત હકીકતો પરથી મુદ્દામાલ ખરેખર આરોપીનો જ હતો તે રેકર્ડ પર આવતું નથી તેમજ ગુનાવાળી જગ્યા આરોપીના કબજા ભોગવટા માલિકીની હોવા અંગેનો કોઈ જ પુરાવો ત.ક.અ દ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામા આવેલ નથી. જેથી જે જગ્યાએથી મુદામાલ કબજે કરવામા આવેલ છે તે જગ્યા આરોપીના કબજા ભોગવટાની હોય તે હકીકત શંકાથી પરે પુરવાર થયેલ માની શકાય નહી. વધુમા જે જગ્યાએથી મુદામાલ મળી આવેલ તે જગ્યા વસ્તીવાળુ ગામ હોવાની હકીકતનો પોલીસ સાહેદોએ તેમની ઉલટતપાસમા સ્વીકાર કરેલ છે. જેથી ગુનાવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકવાની સંભાવનાઓ હોવા છતા કયાં કારણોસર તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલ નથી તે અંગેનો પણ કોઈ યોગ્ય ખુલાસો કરવામા આવેલ નથી. વધુમા અટક કરવામા

આવેલ મુદામાલની દરેક બોટલો પર ઉપર સીલ મારી પંચોની સહીવાળી કાપલી લગાડવામા આવેલ નથી. જેથી સદર કામે પ્રોહી. કાર્યવાહી દરમીયાન મુદામાલ કબજે કરવા અંગેની નિયત કાર્ય– પ્રક્રિયાનુ પાલન કરવામા આવેલ ન હોવાની હકીકત પણ રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટ થાય છે. આમ, રેકર્ડ ઉપર પ્રસ્તુત સમગ્ર હકીકતોના આધારે કહેવાતો મુદામાલ આરોપીના કબજા ભોગવટામાથી મળી આવેલ હોય કે તે ગુનામા અન્ય કોઈ આરોપી ભુમિકા હોય તેમજ જે જગ્યાએથી મુદામાલ કબજે કરવામા આવેલ તે જગ્યા આરોપીના કબજા ભોગવટા માલિકીની હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમા ત.ક.અ એ તેઓની ઉલટતપાસમા તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર કામે તપાસવામા આવેલ સાહેદો પોલીસ સાહેદ હોવાથી રસ ધરાવનાર સાહેદ કહી શકાય અને રસ ધરાવનાર સાહેદોનો પુરાવો માનવો જ તેવો કોઈ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત નથી પરંતુ આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સિધ્ધ કરવા માટે ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર , સબળ, સચોટ અને વિશ્વસનીય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે પરંતુ આ કામે તપાસના કામે ત.ક.અ એ તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી જે હકીકત ફરીયાદપક્ષના કેસ સમક્ષ શંકા ઉપસ્થિત કરે છે. વધુમાં જે પંચો રૂબરૂ પંચનામુ કરવામા આવેલ છે તે પંચ સાહેદોએ પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. આમ, સમગ્ર પુરાવો જોતા ફરીયાદ પક્ષનો કેસ શંકાના દાયરામાં આવે છે અને શંકા ગમે તેટલી પ્રબળ હોય તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. જેથી ફરીયાદ પક્ષ હાલના આરોપી સામે નો કેસ શંકા થી પર પૂરવાર કરી શકેલ નથી. જેથી સમગ્ર પુરાવો જોતા વિ.એ. પી.પી.શ્રી ની દલીલો ગ્રાહય રાખવા પાત્ર જણાતી ન હોય અને બચાવ પક્ષની દલીલો ગ્રાહય રાખવા પાત્ર થતી હોય તેવુ અત્રેની અદાલતનું પ્રમાણીક પણે માનવુ છે. જેથી

મુદ્દાનંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ બાબતે પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

૦૧) આ કામનાં આરોપી (૧) મુકેશભાઈ રાજુભાઈ વસાવા ,રહે.ડહેલી નગર શેઠ ફળીયુ,તા.વાલીયા,જી.ભરૂચવાળાનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૦૨) મુદામાલ પાવતી મુજબનો પ્રોહીબીટેડ દારૂ નો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૦૩) આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) ના પ્રબંધો મુજબ હુકમની તારીખથી છ માસની સમય મર્યાદા માટે રૂ.૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ– ૩૦મી,માહે જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬ **સ્થળ: વાલીયા.** જે.જે.શાહ–સ્ટેનો.	**(આદિલનવાજ મો.શફી સોની)** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ** **વાલીયા.જી.ભરૂચ.** **યુનિક જજ કોડ–જીજે૦૧૬૩૬**